## ધ્યાન દોરતી સૂચના સંબંધમાં રીત (નિયમ-૧૧૬)

(પહેલાં સચિવ સભ્યનું નામ પોકારે છે.)

**સૂચના આપનાર સભ્ય:-** "માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય ......................... મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધી નિવેદન કરવાની વિનંતી કરું છું.

(અહીં તેઓ સૂચનામાં જણાવેલી બાબત વાંચે છે)

**મંત્રીશ્રી:-** નિવેદન વહેંચ્યા મુજબ.

(આવા નિવેદન પર ચર્ચા કરવામાં આવતી નથી. પરંતુ વધુ માહિતી મેળવવાના હેતુ સારું એક કે બે પ્રશ્ન પૂછવાની પરવાનગી આપી શકાય છે.)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીનું ધ્યાન દોરતી માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા(શૈલેષ પરમાર, ઇમરાન ખેડાવાલા અને અમુલ ભટ્ટ) ની સુચના એટલે કે:-

"તાજેતરમાં અમદાવાદના મણીનગર વિસ્તારમાં જરૂરી સેફટી મેજરમેન્ટ ન લેવાયા હોવાના કારણોસર શ્રીજી એલિગન્સની બાંધકામ સાઈટની ભેખડ ધસી પડતા ચાર મજુરો દટાયા હતા, તે પૈકી એકનું મૃત્યુ થયું છે અને ત્રણને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જરૂરી સેફટી મેજરમેન્ટ વગર ચાલતી બાંધકામ સાઈટોમાં ભેખડ ધસી પડવાના કારણે મજુરોના મૃત્યુ થતા કામદારોમાં ભય અને રોષની લાગણી ફેલાયેલ છે તે દૂર કરવા અને ઘટના સંબંધમાં મૃત્યુ પામેલાના વારસદારોને તેમજ ઘાયલ થનારોને વળતર ચૂકવવા માટે સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલાઓ"

---

માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગારનું નિવેદન તા.૨૦/૦૨/૨૦૨૪

---

અમદાવાદની શ્રીજી એલિગન્સ બાંધકામ સાઈટમાં ભેખડ ધસી પડવાના કારણે થયેલ મૃત્યુ:

પ્રસ્તુત બનાવ સંદર્ભે નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ગુજરાત રાજ્યનો અહેવાલ મેળવવામાં આવેલ છે. તદ્દાનુસાર તા-૧૪/૦૨/૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે 'શ્રીજી એલિગન્સ' નામની રી-ડેવલપમેન્ટ બાંધકામ સાઇટની ભેખડ ધસી પડવા થી અકસ્માતે બનેલ બનાવ અંગે નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, અમદાવાદ તંત્ર ના બાંધકામ નિરીક્ષક દ્વારા સદરહુ સ્થળ ની તુરંત રૂબરૂ મુલાકાત લેવામાં આવેલ.

સ્થળની તપાસ કરતા સદરહુ સ્થળ પર તા. ૧૫/૧૨/૨૦૨૩ થી શરૂ થયેલ 'શ્રીજી એલિગન્સ' નામની રી-ડેવલપમેન્ટ બાંધકામ સાઇટ પર તા.૧૪/૦૨/૨૦૨૪ ના રોજ સવારે મુખ્ય કોન્ટ્રાકટર સહિત ૦૨(બે) શ્રમિકો સાથે જમીન લેવલથી આશરે ૨૦ ફુટ નીચે બેઝમેન્ટ બનાવવા માટે સલામતી પુરી પાડવા રીટેનીંગ દિવાલ બનાવવા માટે શટરીંગ ની કામગીરી કરી રહ્યા હતા, તેજ સમયે અચાનક માટીની ભેખડ ધસી પડતાં ૦૨(બે) શ્રમિકો મુખ્ય કોન્ટ્રાકટર સાથે માટી નીચે દબાઇ ગયેલ જેથી તાકીદે તેમને બહાર કાઢીને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા એલ. જી હોસ્પીટલ, મણીનગર, અમદાવાદ ખાતે સારવાર અર્થે

લઈ ગયા હતા, જ્યાં ફરજ પર હાજર ડોકટરે તપાસીને ૦૨(બે) શ્રમિકોને પ્રાથમીક સારવાર આપીને રજા આપેલ હતી અને મુખ્ય કોન્ટ્રાકટરશ્રી નું અવસાન થયેલ જાહેર કરવામાં આવેલ હતું.

ઉક્ત અકસ્માતે બનેલ બનાવ સદરહુ રી-ડેવલપમેન્ટ બાંધકામ સાઇટ નું બેઝમેન્ટ બનાવવા માટે સલામતી પુરી પાડવા રીટેનીંગ દિવાલ બનાવવા માટે ની કામગીરી કરવા દરમ્યાન બનેલ છે. જેમાં ભેખડ ધસતા દટાયેલ ૩ વ્યક્તિઓ પૈકી મૃત્યુ પામેલ શ્રી ચિરાગભાઈ પ્રજાપતિ સ્વયં સદર બાંધકામ સાઈટ ના મુખ્ય કોન્ટ્રાકટર હોઈ અને તેઓ સાઈટ પર સલામતી માટે જવાબદાર વ્યક્તિ હોઈ 'ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ અધિનિયમ ૧૯૯૬' મુજબ શ્રમિક ની વ્યાખ્યા માં આવતા નથી તેથી તેમને વળતરનો પ્રશ્ન ઉપસ્થીત થતો નથી. તેમજ ઈજા પામેલ અન્ય ૦૨ (બે) શ્રમિકો ને સામાન્ય ઈજાઓ થયેલ હોઈ હોસ્પિટલ માં સારવાર બાદ હોસ્પિટલ માંથી રજા આપવામાં આવેલ છે.

'ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ અધિનિયમ ૧૯૯૬' ની જોગવાઈ અનુસાર પાત્રતા ધરાવતી બાંધકામ સાઈટનું એવી સાઈટ શરૂ થયેથી ૬૦ દિવસની અંદર નોંધણી કરાવવાનું હોય છે. સદરહુ સાઈટની નોંધણી કરાવેલ ન હોઇ, સાઈટની નોંધણી ન થાય ત્યાં સુધી અને રીટેનીંગ દિવાલ બનાવવા દરમ્યાન 'ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ અધિનિયમ ૧૯૯૬' ની જોગવાઈ મુજબ સલામતી ની જોગવાઈ નું પાલન ન થાય ત્યાં સુધી બાંધકામ સાઇટ ઉપર કોઈ પણ પ્રકારની બાંધકામ પ્રવૃત્તિ કરવા પર મનાઈ હુકમ ફરમાવેલ છે. સમગ્ર ઘટનાની વિગતવાર તપાસ બાંધકામ કાયદા હેઠળ ચાલુ છે.

---

# એ

## નિયમ - ૧૧૬ બાબતની વધારાની માહિતી.

- શ્રીજી એલીગન્સને કોન્ટ્રાક્ટર શ્રી ચિરાગભાઇ મનુભાઇ પ્રજાપતિ સાથે પ્રસ્તુત સાઇટના બાંધકામ અંગે થયેલ કરાર-સમજૂતિ તારીખ : ૨૦.૧૧.૨૦૨૩ ના રોજ થયેલ છે.

૧. બાંધકામ કરવાની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મળેલ રજાચીઠ્ઠીની તારીખ : ૦૫.૧૨.૨૦૨૩.

૨. સાઇટ પર કામકાજ શરૂ થયા તારીખ : ૧૫.૧૨.૨૦૨૩. (શ્રીજી એલીગન્સના માલિકશ્રી ચિરાગભાઇ શાહે આપેલ નિવેદન મુજબ).

૩. ૬૦ દિવસ પૂર્ણ થવાનો સમયગાળો તારીખ : ૧૩.૦૨.૨૦૨૪.

૪. બનાવની તારીખ અને સમય.... તા.૧૪.૦૨.૨૦૨૪, સવારે ૮.૦૦ કલાકે.

૫. સાઇટ પર કામબંધી કરવાનો બાંધકામ ઇન્સ્પેક્ટરે આપેલ મનાઇ હુકમ તારીખ : ૧૪.૦૨.૨૦૨૪.

૬. હાલ સાઇટ પર બાંધકામની પ્રવૃત્તિ સદંતર બંધ છે.

૭. ધ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ (રેગ્યુલેશન એન્ડ કન્ડીશન ઓફ સર્વિસ એક્ટ-૧૯૯૬) બાંધકામ કાયદો હેઠળ તા.૧૫.૦૨.૨૦૨૪ ના રોજ નોટીસ ઇસ્યુ કરેલ છે. જેમાં રજીસ્ટ્રેશન નહી કરવા બાબતનો ભંગ, બાંધકામ પ્રવૃત્તિ ક્યારથી શરૂ થયાની જાણ ન કરવા બાબતનો ભંગ તથા વિવિધ રજીસ્ટરો નહી નિભાવવા વિગેરેનો સમાવેશ થાય છે. જે અંગે નામદાર કોર્ટમાં આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૮. સાઇટનું બાંધકામ કાયદા હેઠળ રજીસ્ટ્રેશન ન હોવાથી સંસ્થાએ રજીસ્ટ્રેશન ન કર્યા અંગેની નોટીસ પાઠવેલ જેના સંદર્ભે રજીસ્ટ્રેશન મેળવવા તા.૧૭.૦૨.૨૦૨૪ ના રોજ અરજી કરેલ છે.

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળ ના પુરક પ્રશ્ન

| | |
|---|---|
| મૂળ પ્રશ્ન પુછનાર શ્રી : માનનીય સભ્યશ્રી શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા (શ્રી શૈલેશ પરમાર, શ્રી ઇમરાન ખેડાવાલા અને શ્રી અમુલ ભટ્ટ) | |
| પેટા પ્રશ્ન પુછનારઃ શ્રી અમુલભાઇ ભટ્ટ (મણીનગર) | |
| ૦૧ | બાંધકામ સાઇટ પર અકસ્માતે મૃત્યુ પામેલ બાંધકામ શ્રમયોગીઓને બાંધકામ શ્રમિક બોર્ડ દ્વારા કોઇ સહાય ચુકવવામા આવે છે ? જો ચુકવાતી હોઇ તો જાન્યુઆરી-૨૦૨૩ થી ડીસેમ્બર-૨૦૨૩ સુધીની જીલ્લા વાઇઝ માહીતી પૂરી પાડવી ? |
| જવાબ | બાંધકામ સાઇટ પર મૃત્યુ પામેલ બાંધકામ શ્રમયોગીઓને બાંધકામ શ્રમિક બોર્ડ દ્વારા "અકસ્માત મૃત્યુ સહાય" યોજના અંતર્ગત ગુજરાત રાજયમાં બાંધકામ વ્યવસાયમાં રોકાયેલ અને બોર્ડમાં નોંધાયેલા તેમજ ન નોંધાયેલા બાંધકામ શ્રમયોગીઓને બાંધકામ સાઈટ પર ચાલુ કામે અકસ્માતે મૃત્યુ થાય તો બાંધકામ શ્રમિકોના વારસદારને અથવા કાયમી અશકશત્તા આવે તેવા કિસ્સામાં બાંધકામ શ્રમિકને આર્થિક સહાય પૂરી પાડવા માટે બાંધકામ બોર્ડ દ્વારા રૂ.૩.૦૦ લાખ આપવામાં આવે છે. આ યોજનામાં વર્ષ ૨૦૨૩ માં જાન્યુઆરી ૨૦૨૩ થી ડીસેમ્બર ૨૦૨૩ દરમિયાન કુલ ૧૧૦ અરજીઓ મળેલ છે. ચકાસણીના અંતે મળવાપાત્ર ૧૦૭ અરજીઓમાં કુલ રૂ. ૩,૨૧,૦૦,૦૦૦ (ત્રણ કરોડ એકવીસ લાખ) નું ચુકવણું બાંધકામ બોર્ડ દ્વારા કરવામાં આવેલ છે.<br>જેની જિલ્લાવાર વિગતો આ મુજબ છે. |

| આકસ્મિક મૃત્યુ સહાય યોજના જાન્યુ. ૨૦૨૩- ડિસે. ૨૦૨૩ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | જીલ્લાનું નામ | આવેલ અરજી | મંજુર | નામંજૂર | પડતર | આપેલ સહાય | રીમાર્કસ |
| ૧ | અમદાવાદ | ૧૨ | ૧૨ | 0 | 0 | ૩૬,00,000 | - |
| ૨ | અમરેલી | ૩ | ૩ | 0 | 0 | ૯,00,000 | - |
| ૩ | આણંદ | ૧ | ૧ | 0 | 0 | ૩,00,000 | - |
| ૪ | અરવલ્લી | ૭ | ૭ | 0 | 0 | ૨૧,00,000 | - |
| ૫ | વડોદરા | ૪ | ૪ | 0 | 0 | ૧૨,00,000 | - |
| ૬ | ભરૂચ | ૫ | ૫ | 0 | 0 | ૧૫,00,000 | - |
| ૭ | ભાવનગર | ૫ | ૫ | 0 | 0 | ૧૫,00,000 | - |
| ૮ | બનાસકાંઠા | ૧ | ૧ | 0 | 0 | ૩,00,000 | - |
| ૯ | બોટાદ | ૨ | ૨ | 0 | 0 | ૬,00,000 | - |
| ૧૦ | છોટાઉદેપુર | ૨ | ૨ | 0 | 0 | ૬,00,000 | - |
| ૧૧ | ડાંગ | 0 | 0 | 0 | 0 | 0 | - |
| ૧૨ | દાહોદ | ૨ | ૨ | 0 | 0 | ૬,00,000 | - |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | 0 | 0 | 0 | 0 | 0 | - |
| ૧૪ | ગાંધીનગર | ૯ | ૯ | 0 | 0 | ૨૭,00,000 | - |
| ૧૫ | ગીર સોમનાથ | ૩ | ૧ | ૨ | 0 | ૩,00,000 | - |
| ૧૬ | જામનગર | ૧ | ૧ | 0 | 0 | ૩,00,000 | - |
| ૧૭ | જુનાગઢ | ૪ | ૪ | 0 | 0 | ૧૨,00,000 | - |
| ૧૮ | ખેડા | ૧ | ૧ | 0 | 0 | ૩,00,000 | - |
| ૧૯ | કચ્છ | ૧ | ૧ | 0 | 0 | ૩,00,000 | - |
| ૨૦ | મહીસાગર | 0 | 0 | 0 | 0 | 0 | - |
| ૨૧ | મહેસાણા | ૩ | ૩ | 0 | 0 | ૯,00,000 | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | મોરબી | ૬ | ૫ | ૧ | ૦ | ૧૫,૦૦,૦૦૦ | - |
| ૨૩ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | - |
| ૨૪ | નવસારી | ૪ | ૪ | ૦ | ૦ | ૧૨,૦૦,૦૦૦ | - |
| ૨૫ | પંચમહાલ | ૨ | ૨ | ૦ | ૦ | ૬,૦૦,૦૦૦ | - |
| ૨૬ | પાટણ | ૬ | ૬ | ૦ | ૦ | ૧૮,૦૦,૦૦૦ | - |
| ૨૭ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | - |
| ૨૮ | રાજકોટ | ૧૩ | ૧૩ | ૦ | ૦ | ૩૯,૦૦,૦૦૦ | - |
| ૨૯ | સાબરકાંઠા | ૨ | ૨ | ૦ | ૦ | ૬,૦૦,૦૦૦ | - |
| ૩૦ | સુરત | ૫ | ૫ | ૦ | ૫ | ૧૫,૦૦,૦૦૦ | - |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | - |
| ૩૨ | તાપી | ૨ | ૨ | ૦ | ૦ | ૬,૦૦,૦૦૦ | - |
| ૩૩ | વલસાડ | ૪ | ૪ | ૦ | ૦ | ૧૨,૦૦,૦૦૦ | - |
| **TOTAL** | | ૧૧૦ | ૧૦૭ | ૩ | ૦ | ૩,૨૧,૦૦,૦૦૦ | - |

# ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળ ના પુરક પ્રશ્ન

| | |
|---|---|
| મૂળ પ્રશ્ન પુછનાર શ્રી : માનનીય સભ્યશ્રી શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા (શ્રી શૈલેશ પરમાર, શ્રી ઇમરાન ખેડાવાલા અને શ્રીઅમુલ ભટ્ટ) | |
| પેટા પ્રશ્ન પુછનાર : શ્રી અમુલભાઇ ભટ્ટ (મણીનગર) | |
| ૦૨ | બાંધકામ કાયદા અનુસાર "બાંધકામ શ્રમયોગી" અને "કોન્ટ્રાકટર" મા શાનો સમાવેશ થાય છે? |
| જવાબ | બાંધકામ કાયદા અનુસાર:-<br>"બાંધકામ શ્રમયોગી" એટલે તે વ્યકિત કે જે કુશળ, અર્ધકુશળ અથવા બિનકુશળ, મેન્યુઅલ, સુપરવાઈઝરી, ટેકનીકલ અથવા કલેરીકલ પ્રકારના કામ માટે ભાડેથી અથવા બદલીથી મકાન અથવા અન્ય બાંધકામ માટે કામે રાખેલ હોય;<br>અને<br>"કોન્ટ્રાકટર" એટલે માત્ર માલ સામાન પૂરો પાડવા ઉપરાંત સંસ્થા માટે આપેલ પરિણામ હાંસલ કરવા બાંધકામ શ્રમયોગીઓને કામે રાખે છે તે વ્યકિત અથવા સંસ્થાના કોઈ કામ માટે બાંધકામ શ્રમયોગીઓ પૂરા પાડે છે તે વ્યકિત, જેમાં પેટા કોન્ટ્રાકટરનો સમાવેશ થાય છે. |

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળ ના પુરક પશ્ન

| | |
|---|---|
| મૂળ પ્રશ્ન પુછનાર શ્રી : માનનીય સભ્યશ્રી શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા (શ્રીશૈલેશ પરમાર, શ્રીઇમરાન ખેડાવાલા અને શ્રીઅમુલ ભટ્ટ) | |
| પેટા પ્રશ્ન પુછનારઃ શ્રી અમીતભાઇ શાહ (એલીસબ્રીજ) | |
| ૦૩ | અમદાવાદ જીલ્લામાં છેલ્લા ૧ વર્ષમાં ભેખડ ધસી પડવાના કેટલા બનાવો બન્યા? કેટલા શ્રમયોગી મૃત્યુ પામ્યા? વળતર બાબતે વિગતો જણાવશો? તે બાબતે શું પગલા લીધેલ છે? |
| જવાબ | અમદાવાદ જીલ્લામાં છેલ્લા ૧ વર્ષમાં ભેખડ ધસી પડવાના ૦૧ બનાવ બનેલ છે અને કુલ ૦૩ શ્રમયોગી મૃત્યુ પામ્યા.<br><br>ઉપરોક્ત બનાવ અંગે બાંધકામ સંસ્થા તથા બાંધકામ સંસ્થાના માલીક સામે બાંધકામ કાયદા-૧૯૯૬ હેઠળ નામદાર કોર્ટમાં ૦૬ (છ) ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ છે જે નામદાર કોર્ટમાં કાર્યવાહી હેઠળ પડતર છે.<br><br>ઉપરોક્ત બનાવ અંગે મ્રુતક શ્રમિકોના પરીવારજનોને માનવતાના ધોરણે કામદારદીઠ રૂ.૫ લાખ મળી કુલ વળતર રૂ.૧૫,૦૦,૦૦૦ (પંદર લાખ) તેમજ કાયદેસર વળતર પેટે કુલ રૂ.૨૬,૨૨,૮૦૦ (છવ્વીસ લાખ બાવીસ હજાર આઠસો) રકમ ચુકવવામાં આવેલ છે. |

# ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળ ના પુરક પશ્ન

| | |
|---|---|
| મૂળ પ્રશ્ન પુછનાર શ્રી : માનનીય સભ્યશ્રી શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા (શ્રી શૈલેશ પરમાર, શ્રી ઇમરાન ખેડાવાલા અને શ્રી અમુલ ભટ્ટ) | |
| પેટા પ્રશ્ન પુછનારઃ શ્રી અમિતભાઇ શાહ (એલીસબ્રીજ) | |
| ૦૪ | અમદાવાદ જીલ્લામાં છેલ્લા ૧ વર્ષમાં ભેખડ ધસી પડવા અંગે પ્રાણઘાતક અકસ્માત સિવાય સલામતી અન્વયે શુ કાર્યવાહી કરવામાં આવેલ છે? |
| જવાબ | અમદાવાદ જીલ્લામાં છેલ્લા ૧ વર્ષમાં ભેખડ ધસી પડવા અંગે પ્રાણઘાતક અકસ્માત સિવાય કુલ-૧૧ બાંધકામ સાઇટ સામે સલામતીની જોગવાઇઓનાં ભંગ બદલ કુલ-૩૦ ફોજદારી કેસ નામદાર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. |

# ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળ ના પુરક પશ્ન

| | |
|---|---|
| મૂળ પ્રશ્ન પુછનાર શ્રી : માનનીય સભ્યશ્રી શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા (શ્રી શૈલેશ પરમાર, શ્રી ઇમરાન ખેડાવાલા અને શ્રી અમુલ ભટ્ટ) | |
| પેટા પ્રશ્ન પુછનાર શ્રી : | |
| ૦૫ | અમદાવાદ જીલ્લામાં છેલ્લા ૧ વર્ષમાં બાંધકામ સાઇટ પર સલામતી બાબતે પાલન ન કરવા અંગે શું પગલા લીધેલ છે? |
| જવાબ | અમદાવાદ જીલ્લામાં છેલ્લા ૧ વર્ષમાં બાંધકામ સાઇટ પર બાંધકામ કાયદા હેઠળ કુલ-૧૧૫૧ નિરીક્ષણ કરેલ છે. સલામતીનાં બાબતનાં ભંગ બદલની સ્થિતિમાં ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ (રેગ્યુલેશન ઓફ એમ્પલોયમેન્ટ એન્ડ કન્ડીશન્સ ઓફ સર્વીસ) એક્ટ, ૧૯૯૬ હેઠળ નામદાર કોર્ટમાં કુલ-૧૧૨ બાંધકામ સાઇટ સામે કુલ-૧૦૬૦ ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ છે. જે પૈકી નામદાર કોર્ટ દ્વારા કુલ-૫૬ સાઇટ સામે કુલ-૬૫૭ કેસોનો નિકાલ થયેલ છે જેમાં કુલ-૪,૧૮,૦૦૦/- રૂ દંડ કરવામાં આવેલ છે. |